# સાફલ્ય ગાથા

સૌરાષ્ટ્રનાં શિક્ષણ, સંસ્કૃતિ અને ઔદ્યોગિક રાજધાની એવાં રાજકોટ નગરમાં આપણાં સમાજની કલગી સમાન આપણી સંસ્થા શ્રી લેઉઆ પટેલ નૂતન કેળવણી મંડળ આ વર્ષે પોતાના ૪૯ વર્ષ પૂરા કરે છે. આનંદ અને ગૌરવની લાગણી સાથે એક શુભ સંકલ્પ બીજમાંથી વટવૃક્ષ સમી બની રહેલી આપણી આ સંસ્થા શ્રી લેઉઆ પટેલ નૂતન કેળવણી મંડળની સ્થાપનાનો મુખ્ય હેતુ જ્ઞાતિના કુરિવાજો નાબૂદ કરી, સામાજિક સુધારણાનો હતો. આ માટે આજથી ૪૯ વર્ષ પૂર્વે આપણી જ્ઞાતિનાં આગેવાનો સંમેલનો યોજતા અને તે દ્વારા આપણા સમાજની કરોડરજ્જુ ઢીલી કરી નાખતાં રીતરિવાજો... જેવાં કે પરણ કે મરણ પ્રસંગે થતો નાણાંનો વ્યય, સોના ચાંદીના ઘરેણાંનો આંધળો મોહ, વગેરે કુરિવાજોને મૂળમાંથી જ નાબૂદ કરવા માટેનાં પ્રયાસો કરાતાં હતાં.

આવા સંમેલનો પ્રસંગે જ્ઞાતિજનોએ એવી લાગણી વ્યકત કરી કે રાજકોટ જેવાં શહેરમાં આપણી જ્ઞાતિનાં બાળકો અભ્યાસ કરી શકે તેવી કોઈ વ્યવસ્થા નથી અને કેળવણી અને શિક્ષણ જેવી પાયાની બાબતો વિષે સૌએ વિચારવું જરૂરી છે અને આવા સંમેલનોના વૈચારિક પરિપાક અને ફળ સ્વરૂપે આપણી સંસ્થાનો જન્મ થયેલ.

તે સમયે આપણા બાળકો બેડીપરામાં આવેલ હાલારી લેઉઆ પટેલ જ્ઞાતિનાં વરંડામાં રહીને અભ્યાસ કરતાં હતાં પરંતુ તે જગ્યા અપુરતી અને અગવડતાઓ વાળી હતી, આથી સમાજના મહાનુભાવોએ શૈક્ષણિક સુવિધા ઉભી કરવાં ફંડ–ફાળાઓનો શુભારંભ કર્યો.

શુભ નિષ્ઠા અને નિસ્વાર્થભાવે કરેલી કામગીરી કદી અટકે ખરી? મવડી, મવા અને રાજકોટની સરહદે જ્ઞાતિના દાતાઓ તરફથી છ એકર જેટલી જમીનનું શુભ દાન પ્રાપ્ત થયું અને નાના મોટાં વેપારીઓ ઉદ્યોગપતિઓથી માંડીને સમાજના ગ્રામ્ય ક્ષેત્રના અદના જ્ઞાતિજનોએ પણ આ શુભ કાર્યમાં પોતાના તન, મન અને ધનથી યથાયોગ્ય યોગદાન આપ્યું. આમ, બાળકો માટે શૈક્ષણિક છાત્રાલયનો શુભારંભ સંસ્થાને જમીન દાન આપનાર ભામાશાઓ સ્વ.લાખાભાઈ રાઘવભાઈ સોરઠિયા, સ્વ.લાલજીભાઈ જેરામભાઈ તંતી, સ્વ.રવજીભાઈ બેચરભાઈ અકબરી, સ્વ.માવજીભાઈ બેચરભાઈ અકબરીનાં વરદ હસ્તે તા. ૨૩–૧૦–૧૯૬૬ નાં વિજયાદશમીનાં પાવનપર્વે થયો.

સામાજિક સુધારણામાં શિક્ષણનો અભાવ આડખીલીરૂપ જણાયો હતો. ભાવિ પેઢીને અન્ય સમાજની હરોળમાં લાવવાં માટે શિક્ષણ અતિ આવશ્યક છે તેવી ઉમદા લાગણી તે સમયે આપણા વડીલોમાં પ્રવર્તતી હતી. તે તેમની ધીરજ અને દુરંદેશીપણું બતાવે છે. આવા જ્ઞાતિના વડીલોને, મહાનુભાવોને નતમસ્તકે વંદીએ તેટલું ઓછું ગણાય.

બોર્ડીંગના પ્રારંભે પ્રથમ તબક્કામાં ૧૫ રૂમોનું બાંધકામ થયેલું. જેમાં તે વખતે રહેતા છાત્રોએ ખૂબ જ યાતનાઓ અને અગવડતાઓ વેઠેલા અને કાળી માટીનાં ખેતરમાં કાચા રસ્તાઓ હતા, વીજળીની વ્યવસ્થા ન હતી. ખેતરમાં રહેલાં આ રૂમ નિર્જન અને વેરાન એવાં વિસ્તારમાં ઉભા હતા. છાત્રો પગે ચાલીને દૂર સુધી હાઈસ્કૂલોમાં અભ્યાસ માટે જતાં હતાં. આવી પરિસ્થિતિમાં પણ છાત્રો ખૂબ જ મન લગાવીને અભ્યાસ કરતાં હતાં. તેની ધગશ, સહનશકિત અને પરિશ્રમના તપનાં કારણે જ તેઓએ પોતાના જીવનની કેડીને પ્રકાશપુંજથી પ્રકાશિત કરીને જીવનને ધન્યતા અર્પી છે અને આ અગવડતાઓ અને યાતનાઓને ધ્યાનમાં રાખીને તે સમયે જ્ઞાતિના અગ્રગણ્યોએ વિશેષ સુવિધા ઉભી કરવા નિર્ણય કર્યો. પાકો મેટલવાળો રોડ, વીજળીની વ્યવસ્થા, સંડાસ–બાથરૂમની વિશેષ સુવિધાઓ જરૂરિયાત માટે વધારાના રૂમોનું બાંધકામ, પાણીની વ્યવસ્થા માટે કૂવો ગાળવાનું તેમજ પાણીનાં સંગ્રહ માટે ટાંકાનું બાંધકામ વિગેરે વ્યવસ્થાઓ માટે જ્ઞાતિજનો સમક્ષ દાનની ટહેલ નખાઈ અને જ્ઞાતિજનોનાં વણથંભ્યા સહકારની ભાવનાથી ધીમે–ધીમે છાત્રોની સુવિધા અને વધુ છાત્રોનો સમાવેશ થઈ શકે તેવું સંકુલ ઉભું થયું.

ઉપરોકત સુવિધાઓ હોવા છતાં સંસ્થાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિવિધ હાઈસ્કૂલોમાં જવું પડતું અને સારી શાળાઓમાં પ્રવેશ પણ મળતો ન હતો. આથી ૧૯૮૦–૮૧નાં સંચાલક મંડળે સંસ્થાની પોતાની હાઇસ્કૂલ ઉભી કરવાનો નિર્ણય કર્યો અને તા.૧૨–૧૦–૧૯૮૦નાં રોજ શિલાન્યાસ સમારોહ યોજવામાં આવેલ. દાતાઓનાં સહકારથી 'શ્રી સરદાર પટેલ વિદ્યા મંદિર' નું જ્ઞાનમંદિર આકાર પામ્યું.

વિશાળ છાત્રાલય પટાંગણમાં સંસ્થાની પોતાની જ શાળા, ઉત્તમ શિક્ષણ અને તે પણ ઘર આંગણે હોવાથી આ સંસ્થામાં આપણી જ્ઞાતિનાં બાળકોનો પ્રવેશ માટે ખૂબ જ ઘસારો થવાં લાગ્યો અને ફરીથી સંસ્થાનું છાત્રાલય નાનું પડવા લાગ્યું. હાલની તકે આપણા ૧૧૦૦ વિદ્યાર્થીઓને રહેવાની સવલતો પૂરી પાડી શકીએ તેવું આયોજન છે. હાલના છાત્રાલય તથા સ્કૂલનાં પટાંગણમાં સમયને અનુરૂપ આધુનિક અને વિશાળ શૈક્ષણિક સંકુલ બનાવવાનું પણ આયોજન સંચલાક મંડળનાં હાથ નીચે છે.

છાત્રાલય અને હાઈસ્કૂલની વચ્ચે વિકાસની તંદુરસ્ત હરિફાઈ સાથે આનુષંગિક સવલતો ઉભી કરવી જરૂરી બની રહી છે. તેમાં ખાસ કરીને સ્નાનાગાર, ભોજનાલય, પ્રાર્થના ખંડ, વિજ્ઞાન પ્રયોગશાળા, પુસ્તકાલય, જીમખાનું, રમતનું મેદાન, જૂડો કરાટે અને અન્ય રમતો માટેની સાધન સામગ્રી વગેરેનું નિર્માણ વર્ષોથી થયેલ છે. જેથી તંદુરસ્ત સ્પર્ધાવાળી કેળવણી યુવકોને પોતાની જાત, સમાજ, રાષ્ટ્ર અને સંસ્કૃતિ માટે સમર્પિત થવાં મજબૂર કરે. તેથી જ છાત્રાલયમાં વ્યાયામ, અંગ કસરતનાં દાવ, કરાટે–જૂડો જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેમાં આપણાં સમાજનાં બાળકોએ અત્યાર સુધીમાં અચરજ પમાડે તેવી અદ્વિતીય સિદ્ધિઓ હાંસલ કરી છે, જે નોંધનીય છે. તદુપરાંત આપણી શાળામાં સિનિયર અને જૂનિયર એન.સી.સી.ની પ્રવૃત્તિ ચાલે છે. જે ગુજરાત રાજયમાં એકમાત્ર આપણી શાળા છે, જેમાં બન્ને વિભાગો એકસાથે ચાલે છે. એક તરફ શહેરમાં સેલ્ફ ફાઈનાયન્સ સ્કૂલોનો પ્રભાવ વધી રહયો હતો ત્યારે ઈ.સ.૨૦૦૭થી આપણી શાળામાં ધોરણ–૧૧ સાયન્સમાં આપણી જ્ઞાતિની દીકરીઓ માટે પ્રવેશ આપવાનું શરૂ કરી એક પ્રશંસનીય કાર્ય થયું. આપણી જ્ઞાતિની બહેનો ઓછા ખર્ચે સાયન્સનો અભ્યાસ કરી શકે તેવા ઉમદા હેતુથી આ કાર્યને ઓપ આપવાનું કાર્ય આપણાં સંચાલકશ્રીઓ તરફથી થયું. સાથોસાથ આ દીકરીઓને રહેવા–જમવાની આગવી વ્યવસ્થા એ.પી.પટેલ છાત્રાલયમાં કરવામાં આવી, જેથી યોગ્ય વાતાવરણ પ્રાપ્ત થાય.

ઘણું થયું છે, તેવો આત્મસંતોષ લઈને બેસી નહી રહેતાં આપણે ઘણું કરવાનું બાકી છે, તે વિચારધારાથી આગળ વધીએ અને આ વિચારધારામાં આપ સહુ જ્ઞાતિજનોનો સહકાર મળશે તેવી શ્રધ્ધા છે. સંસ્થા માટે આપ જે રીતે ઉપયોગી થઈ શકો તે રીતે થશો તેવી વિનંતી છે. સમાજ સેવા અને જ્ઞાતિના આ સંકુલના વિકાસકાર્યમાં આપ પણ ભાગીદાર બનશો તેવી આશા.

૪૯ વર્ષ પહેલાંની સરખામણીએ હાલ આ સંસ્થા વિશાળ શૈક્ષણિક સંકુલ બની ગયેલ છે. આ સંસ્થાની સ્થાપનાથી શરૂ કરીને આજ દિન સુધીમાં જ્ઞાતિના અનેક દાતાઓએ આ પુણ્યકાર્યમાં નિઃસ્વાર્થભાવે સેવા અને સહકાર આપેલ છે. તેમની સંસ્થા પ્રત્યેની લાગણીનો બદલ અંતઃકરણપૂર્વક આભાર.

આપણી ગઈકાલ યાતનાઓથી ભરેલી હતી, સામંતશાહીનું શોષણ, અજ્ઞાનતા અને બેકારી ભરેલ હતા. આજ કંઈક કરી છૂટવાની તમન્નાઓથી ભરેલી છે. ગઈકાલનું સ્મરણ ખિન્નતા અર્પે છે, તો આવતીકાલની સફળતાની કલ્પના હૃદયમાં ઝણઝણાટી ફેલાવે છે. એવાં મધ્યભાગમાં આપણો "આજ"નો સુદ્રઢ પાયો નાખવાનો છે અને આવતીકાલ વધુને વધુ ઉજ્જવળ કેમ બને તેવું સર્વાંગી આયોજન કરવાનું છે.